PG CL                    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ                    PCS CI

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૪/૧૬–૧૭/ ૧૧૨૬                                    તા. ૦૨/૦૩/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
**હરેશકુમાર અંબાવીભાઈ ભલાણી,**
**પ્લોટ વિસ્તાર,**
**ગામ: સોંદરડા**
**તા. કેશોદ,**
**જી. જુનાગઢ**
**મો: ૯૯૦૯૯ ૮૮૩૨૩**

**વિષય :–વીજબીલ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૮/કવા–૦૪/૧૬–૧૭ )

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૩.)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૮/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૮–૦૨–૧૭ | સ્થળ :પોરબંદર |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: હરેશકુમાર અંબાવીભાઈ ભલાણી, ગામ: સોદરડા,

રજુઆત કરનાર : અરજદાર ના પ્રતિનીધી શ્રી વિરજીભાઈ હરજીભાઈ ભલાણી હાજર રહેલ હતા.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૨, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :પી.જી.જોષી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી કેશોદ,

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ:સોદરડા ખાતે આવેલ, ગામ ની બીલકુલ પાદર મા જ, તેઓ શ્રી નુ હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૪૨૩૨/૦૧૭૦૩/૮, જે અગાઉ ૦૫ હોપા ના કરારીત વીજભાર વાળુ, હોપા કેટેગરી હેઠળ નુ હતુ. તે જોડાણ મા, ત્યારબાદ તેઓ શ્રી એ વીજભાર વધારો મેળવી, અને જોડાણ ને ૧૦ હોપા ના કરારીત વીજભાર મુજબ નુ કરેલ છે. આમ, જોડાણ ૧૦ હોપા ના કરારીત વીજભાર વાળુ, મીટર ટેરીફ મુજબ નુ થતા,પીજીવીસીએલ તરફથી સદર જોડાણ મા નિયમીત વીજબીલીંગ, જે પ્રથમ થી જ, માત્ર ૦૨ બીલો વાસ્તવિક રીડીંગ ના થયેલ છે. અને ત્યારબાદ સતત તમામ વીજબીલો, જે પ્રથમ લોક યુનીટ અને ત્યારબાદ, ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ મુજબ ના અપાયેલ છે. |
| ૧.૨ | હાલ, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી નુ ક્ષતિગ્રસ્ત મીટર બદલી અપાયેલ છે. જેમા લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ, છેલ્લા યુનીટ અન્વયે ના, ચડત રીડીંગ મુજબનુ ૧૪૮૮૮ યુનીટ ની રકમ નુ રૂ.૧૧,૯૧૦/૪૦ નુ બીલ, જે પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને અપાયેલ છે. |
| ૧.૩ | વિશેષમા, ફરીયાદી અરજદાર શ્રી જણાવે છે કે, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના જોડાણ મા, નવુ મીટર બદલાવ્યા પછી પણ, વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ નુ બીલીંગ કરવાને બદલે, પીજીવીસીએલ તરફથી, નવુ મીટર બદલાવ્યા પછી ના ૦૩ વીજબીલો પણ, જુના મીટર ના, ફોલ્ટી મીટર સ્ટેટસ મુજબ ના વીજબીલો ને, ચાલુ રાખવામા આવેલ છે. અને તે મુજબ, મીટર બદલાવ્યા બાદ ના (૧) માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ ના ૬૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ એવરેજ યુનીટ, (૨) માહે સપ્ટેમ્બર–ઓક્ટોબર–૧૬ ના ૬૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ એવરેજ યુનીટ,(૩) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ ના ૬૮૦ ફોલ્ટી મીટર સ્ટેટસ એવરેજ યુનીટ ના વીજબીલો અપાયેલ છે. આમ, હકીકત મા, તેઓ શ્રી ના જોડાણ ના સ્થળ પર નિયમીત પણે, સબંધક મીટર રીડર તરફથી બીલીંગ ન થવાના કારણોસર જ – તેઓ શ્રી ના સદર જોડાણ મા અગાઉ, માહે સપ્ટેમ્બર–ઓક્ટોબર– ૧૪ થી માહે માહે મે–જુન– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૧૧ દ્રીમાસીક વીજબીલો, જે બીન વાસ્તવિક એવા, લોક / ફોલ્ટી યુનીટ અપાયેલ છે. અને મીટર બદલાવ્યા પછી ના, માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ થી માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ સુધી ના સમયગાળા ના કુલ ૦૩ દ્રીમાસીક વીજબીલો પણ, બીન વાસ્તવિક એવા ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ મુજબ અપાયેલ છે. આમ, તેઓ શ્રી ના જોડાણ નુ બીલીંગ, જે માહે સપ્ટેમ્બર–ઓક્ટોબર– ૧૪ થી માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ સુધી ના કુલ ૧૪ દ્રીમાસીક બીલીંગ સમયગાળા ના યુનીટ, જે નિયમાધીન રીતે કરી, અને તેનીસામે, હાલ ના તબ્બકે, અપાયેલ સવાલવાળા, ૧૪૮૮૮ યુનીટ ની રકમ રૂ.૧૧,૯૧૦/૪૦ ને, ન્યાયિક અને વ્યાજબી ધોરણે એડજેસ્ટ કરવા, અરજદાર શ્રી એ ફોરમ સમક્ષ સવાલવાળી ન્યાયિક અરજી કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક.રજુઆત, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના, ગામ:સોદરડા ખાતે આવેલ, ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૪૨૩૨/૦૧૭૦૩/૮, તા.૨૧–૦૫–૧૨ થી મીટર ટેરીફ મુજબ નુ જોડાણ છે. અરજદાર શ્રી ના જોડાણ નુ સદર મીટર બદલાવી અને તા.૨૧–૦૭–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગ ૩૪૪૬૮ નોધાયેલ હતા. જેથી, સદર ૩૪૪૬૮ યુનીટ માથી, અગાઉ ના માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૪ ના વાસ્તવિક રીડીંગ સમયગાળા ના છેલ્લા રીડીંગ ૧૪૧૪૦ બાદ કરતા, ( ૩૪૪૬૮ યુનીટ – ૧૪૧૪૦ યુનીટ = ૨૦૩૨૮ યુનીટ ) ૨૦૩૨૮ યુનીટ, જે ખરેખર વીજવપરાશી જણાયેલ હતા. આ ૨૦૩૨૮ યુનીટ માથી, માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૪ થી માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૬ સુધી ના ૫૪૪૦ યુનીટ બાદ કરતા, ( ૨૦૩૨૮ યુનીટ – ૫૪૪૦ યુનીટ = ૧૪૮૮૮ યુનીટ ) ૧૪૮૮૮ યુનીટ ની, પ્રતિ યુનીટ ૦.૮૦ પૈસા ની ગણતરીએ થતી કુલ રકમ રૂ.૧૧,૯૧૦/૪૦ ની રકમ, અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીંગ ખાતામા ઉધારી, અને તે મુજબ નુ ૧૪૮૮૮ યુનીટ ની, રકમ રૂ.૧૧,૯૧૦/૪૦ નુ, અરજદાર શ્રી ને, સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. જે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ અને મૌખીક રજુઆત, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ મા, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૪ થી માહે મે–જુન– ૧૬ સુધી ના કુલ ૧૧ દ્રીમાસીક બીલીંગ દરમ્યાન, ૦૨ વીજબીલો, જે પ્રત્યેક ૬૮૦ લોક યુનીટ મુજબ ના, તેમજ ૦૪ વીજબીલો, જે પ્રત્યેક '' ૦ ''યુનીટ ના, તેમજ ૦૫ વીજબીલો, ફોલ્ટી મીટર સ્ટેટસ સરેરાશ યુનીટ મુજબના અપાયેલ હતા. આમ, આ મુજબ ના અગાઉ ના ૧૧ દ્રીમાસીક બીલીંગ સમયગાળા દરમ્યાન, અરજદાર શ્રી ના જોડાણ મા, કુલ ૧૩૬૦ લોક યુનીટ તેમજ, ૪૭૬૦ ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના યુનીટ મુજબ નુ બીલીંગ થયેલ હતુ. આમ, આ '' ૧૩૬૦ લોક યુનીટ '' તેમજ, '' ૪૭૬૦ ફોલ્ટી યુનીટ '' એમ કુલ ૬૧૨૦ યુનીટ, જે અરજદાર શ્રી ને અપાયેલ હોવાની બાબત, જે – નિયમીત મીટર રીડરો તરફથી, વાસ્તવિક બીલીંગ ન કરવાના કારણોસર ની, ચડત / પડતર યુનીટ ની સ્પષ્ટ બાબત, ફોરમ કમિટી ને જણાયેલ છે. |
| **૩.૨** | ફરીયાદી અરજદાર શ્રી નુ સવાલવાળુ જુનુ સદર મીટર, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. જેથી, તેમા નોધાયેલ છેલ્લા ૩૪૪૬૮ યુનીટ પણ, જોડાણ મા થયેલ વીજવપરાશ ને આનુષાંગીક હોય, યોગ્ય છે. પરંતુ, સદર ૩૪૪૬૮ યુનીટ માથી, ઉપરોકત મુદ્દા નં.૩.૧ મુજબ ની વિગતેના, સદર જોડાણ મા, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૪ થી માહે મે–જુન– ૧૬ સુધી ના કુલ ૧૧ દ્રીમાસીક બીલીંગ દરમ્યાન ના, '' ૧૩૬૦ લોક યુનીટ '' તેમજ, ''૪૭૬૦ ફોલ્ટી યુનીટ '' એમ કુલ ૬૧૨૦ યુનીટ, બાદ કરવાની બાબત, ફોરમ કમિટી ને , પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય તેમજ ન્યાયિક રીતે વ્યાજબી જણાયેલ છે. આમ થવાથી, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી અપાયેલ એવા – સદર જોડાણ ના જુના મીટર ના સમયગાળા નુ સવાલવાળા ૧૪૮૮૮ યુનીટ ની રકમ, રૂ.૧૧,૯૧૦/૪૦ નુ પુરવણી બીલ – જે ખરેખર ૧૪૮૮૮ યુનીટ ની રકમ રૂ.૧૧,૯૧૦/૪૦ નુ નહી, પરંતુ, ( ૨૦૩૨૮ યુનીટ – ૬૧૨૦ યુનીટ = ૧૪૨૦૮ યુનીટ ) ૧૪૨૦૮ યુનીટ ની, પ્રતિ યુનીટ ૮૦ પૈસા ની ગણતરીએ થતી કુલ રકમ રૂ.૧૧,૩૬૬/૪૦ ની રકમ નુ થશે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, અરજદાર શ્રી ને અપાયેલ, સવાલવાળુ ૧૪૮૮૮ યુનીટ ની રકમ રૂ.૧૧,૯૧૦/૪૦ નુ બીલ – જે ૧૪૨૦૮ યુનીટ ની રકમ રૂ.૧૧,૩૬૬/૪૦ પ્રમાણે રીવાઇઝ કરવા, સબબ નો – તેમજ આ રીવીઝન દરમ્યાન, અગાઉ આ સમયગાળા મા, ફરીયાદી અરજદાર શ્રી એ, જો સદર રીવીઝન ની ગણતરીએ થતી રકમ થી, કોઈ વધારાની રકમ ભરપાઈ કરેલ હોય તો, તે રકમ, સદર રીવીઝન બીલ માથી બાદ કરી અને બાકીની રકમ જ, અરજદાર શ્રી પાસેથી વસુલ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૩** | તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ના નવા મીટર મા, હાલ ના તબ્બકે ના નોધાયેલ છેલ્લા યુનીટ રીડીગ મેળવી, અને તે છેલ્લા યુનીટ રીડીગ માથી – અગાઉ, મીટર બદલાવ્યા પછી ના અપાયેલ, એવા ફોલ્ટી મીટર સ્ટેટસ ના, માહે જુલાઈ–ઓગષ્ટ– ૧૬ થી માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૬ સુધી ના, કુલ ૦૩ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના, પ્રત્યેક બીલીગ સમયગાળા ના ૬૮૦ યુનીટ, એટલેકે કુલ ૨૦૪૦ યુનીટ – જે નવા મીટર મા હાલ ના તબ્બકે, નોધાયેલ વાસ્તવિક યુનીટ માથી બાદ કરી અને બાકી રહેતા યુનીટ મુજબ નુ જ બીલીગ કરવા સબબ નો – તેમજ આ મુજબ ના રીવીઝન દરમ્યાન, અગાઉ આ સમયગાળા મા, ફરીયાદી અરજદાર શ્રી એ, જો સદર રીવીઝન ની ગણતરીએ થતી રકમ થી, કોઈ વધારાની રકમ ભરપાઈ કરેલ હોય તો, તે રકમ, સદર રીવીઝન બીલ માથી બાદ કરી અંને બાકીની રકમ જ, અરજદાર શ્રી પાસેથી વસુલ કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતોને આનુષાંગીક રહીને, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતેની, બીલીગ રીવીઝન ની કાર્યવાહી, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ નો, લેખીત પત્ર, જે દિન–૧૦ મા આપી, અને તે મુજબ, બીલીગ રીવીઝન ની કાર્યવાહી, જે પીજીવીસીએલ કક્ષાએથી, સંપન્ન કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..